પેજ3

## ગોવિંદા 7 વર્ષ પછી રૂપા ફિલ્મથી મોટા પડદે કમબેક કરશે



મુંબઈ, તા. 13: બોલિવૂડના દિગ્ગજ અભિનેતા ગોવિંદાએ લગભગ સાત વર્ષના લાંબા ગાળા પછી 'રૂપા' ફિલ્મથી મોટા પડદે કમબેક કરવાની જાહેરાત કરી છે. તાજેતરમાં એક પત્રકાર પરિષદમાં આ ફિલ્મની જાહેરાત કરતા તેણે જણાવ્યું કે, આ ફિલ્મમાં તે મુખ્ય ભૂમિકા ભજવવાની સાથે તેના નિર્માતા પણ છે, જ્યારે તેની સામે નવી અભિનેત્રી રાની સ્વર્ણકાર ડેબ્યુ કરી રહી છે. ગોવિંદાએ પોતાના સંઘર્ષ અંગે જણાવ્યું કે, લોકોએ એવું માની લીધું હતું કે હવે હું ક્યારેય ફિલ્મોમાં નહીં આવું, પરંતુ મેં ફરી શરૂઆત કરી છે. ન્યુમરોલોજીમાં વિશ્વાસ ધરાવતા ગોવિંદાએ પોતાની જિંદગીમાં '14' નંબરના ખાસ મહત્વનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેની છેલ્લી ફિલ્મ 2019માં 'રંગીલા રાજા' આવી હતી.

## મહેશ માંજરેકરનાં પત્ની અને અભિનેત્રી મેધા માંજરેકરે કર્યો કેન્સરનો ખુલાસો



મુંબઈ, તા. 13: જાણીતા મરાઠી અભિનેત્રી અને ફિલ્મમેકર મહેશ માંજરેકરનાં પત્ની મેધા માંજરેકરે સોશિયલ મીડિયા પર પોતાની કેન્સરની બીમારીનો ખુલાસો કર્યો છે. 58 વર્ષીય મેધાએ જણાવ્યું કે સારવાર દરમિયાન તેમની ભૂખ સાવ મરી ગઈ હતી, પરંતુ મુશ્કેલ સમયમાં તેમના પતિ, પરિવાર અને મિત્રોએ તેમનો ઉત્સાહ જાળવી રાખ્યો હતો. માંજરેકર પરિવાર માટે કેન્સર સામે આ બીજી મોટી લડાઈ છે, કારણ કે આ પહેલા વર્ષ 2021માં ખુદ મહેશ માંજરેકર પણ બ્લેડર કેન્સરનો ભોગ બન્યા હતા અને સર્જરી બાદ સાજા થયા હતા. વર્ષ 1995માં લગ્નગ્રંથિથી જોડાયેલા આ દંપતીની પુત્રી સઈ માંજરેકરે બોલિવૂડમાં ડેબ્યુ કર્યું છે, જ્યારે મેધા પોતે 'નટસમ્રાટ' અને 'કાકસ્પર્શ' જેવી સુપરહિટ મરાઠી ફિલ્મો માટે જાણીતા છે.

## જુરાસિક પાર્કના જાણીતા અભિનેતા સેમ નીલનું નિધન



વોશિંગ્ટન, તા. 13: હોલીવુડની સુપરહિટ ફિલ્મ 'જુરાસિક પાર્ક' અને ઓસ્કાર વિજેતા ફિલ્મ 'દ પિયાનો'ના જાણીતા અભિનેતા સેમ નીલનું સોમવારે 78 વર્ષની વયે અવસાન થયું છે. ન્યુઝીલેન્ડના આ દિગ્ગજ કલાકારે પાંચ દાયકાથી વધુ લાંબી ફિલ્મી સફરમાં અનેક યાદગાર ભૂમિકાઓ ભજવી હતી, પરંતુ તેમને સૌથી વધુ લોકપ્રિયતા 'જુરાસિક પાર્ક'માં (1993) ડાયનાસોર નિષ્ણાત 'ડો. એલન ગ્રાન્ટ'ના પાત્રથી મળી હતી. વર્ષ 2023માં તેઓ 'ટી-સેલ લિમ્ફોમા' નામના બ્લડ કેન્સરનો ભોગ બન્યા હતા, જેની સામે તેઓ સફળતાપૂર્વક જીતી ગયા હતા. તેમના પરિવારે સોશિયલ મીડિયા પર નિધન અંગે દુઃખ વ્યક્ત કર્યું છે, જો કે તેમના મૃત્યુનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી.

## આકાંક્ષા રંજન અને શરણ શર્માના રિસેપ્શનમાં બોલિવૂડના દિગ્ગજ સ્ટાર્સે હાજરી આપી



મુંબઈ, તા. 13: 11 જુલાઈએ લગ્નગ્રંથિથી જોડાયેલા નવપરિણીત યુગલ આકાંક્ષા રંજન કપૂર અને શરણ શર્માએ રવિવારે મુંબઈમાં એક ભવ્ય રિસેપ્શન પાર્ટીનું આયોજન કર્યું હતું. આ સેલિબ્રેશન સ્ટાર-સ્ટડેડ અફેર રહ્યું હતું, જેમાં આલિયા ભટ્ટ, બોબી દેઓલ, જેકી શ્રોફ, શત્રુઘ્ન સિન્હા, સોનાક્ષી સિન્હા અને બોમન ઈરાની સહિત બોલિવૂડની અનેક હસ્તીઓ હાજર રહી હતી. રિસેપ્શનમાં આકાંક્ષાએ ડિઝાઈનર ગૌરવ ગુપ્તાનો લાઈટ ગોલ્ડ લહેંગો અને શરણે બ્લેક બંધગળા સૂટ પહેર્યો હતો. આલિયા ભટ્ટ તેની ખાસ મિત્રના રિસેપ્શનમાં બ્લેક સાડી અને માંગ ટીકા સાથે ખૂબ જ સુંદર લાગતી હતી. આલિયાના પરિવાર ઉપરાંત અનુષ્કા રંજન અને આદિત્ય સીલ પણ આ પાર્ટીમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

## આમિર ખાન 'લવ જિહાદ'ના બ્રાન્ડ એમ્બેસેડર બની શકે: શિવસેના મંત્રી

છત્રપતિ સંભાજી નગર, તા. 13 (પીટીઆઈ): મહારાષ્ટ્રના મંત્રી અને શિવસેના નેતા સંજય શિરસાટે બોલિવૂડ અભિનેતા આમિર ખાનના ત્રીજા લગ્ન પર નિશાન સાધતા કહ્યું છે કે, તે 'લવ જિહાદ'ના બ્રાન્ડ એમ્બેસેડર બની શકે છે. શિરસાટે ભાજપના નેતા અને રાજ્ય મંત્રી નીતિશ રાણેના નિવેદનનું સમર્થન કર્યું હતું, જેમાં રાણેએ આમિરના ત્રીજા લગ્નને 'લવ જિહાદ'નું ઉદાહરણ ગણાવ્યું હતું. શિરસાટે પત્રકારોને કહ્યું કે, આમિર ભલે મોટા સ્ટાર હોય પરંતુ એક, બે નહીં પણ ત્રણ વાર લગ્ન કરવાથી લોકો તેનામાંથી શું શીખશે? આવી પ્રવૃત્તિ કરનાર વ્યક્તિ સામાન્ય લોકોના દિલ પર રાજ ન કરી શકે. ઉલ્લેખનીય છે કે આમિર ખાને તાજેતરમાં જ 5 જુલાઈએ ગૌરી સ્પાર્ટ સાથે ત્રીજા લગ્ન કર્યા છે.



» વોશિંગ્ટનના ઓબર્ન સ્થિત એમરાલ્ડ ડાઉન્સ ટ્રેક પર એક અનોખો અને હાસ્યસભર નજારો જોવા મળ્યો હતો. ડાયનાસોરના વિશાળકાય કોસ્ચ્યુમ પહેરીને દોડતા સ્પર્ધકો વચ્ચે ફિનિશ લાઇન પર કાંટાની ટક્કર જોવા મળી હતી. આ વાર્ષિક ઇવેન્ટ પરંપરાગત ઘોડદોડના ટ્રેકને પ્રાગૈતિહાસિક કાળના રમુજી માહોલમાં ફેરવી નાખે છે, જેને જોવા માટે હજારો દર્શકો ઉમટી પડે છે. એમરાલ્ડ ડાઉન્સ ખાતે ટીન રેસ દરમિયાન ઇન્ફ્લેટેબલ (હવા ભરેલા) ટાયરાનોસોરસ રેક્સ કોસ્ચ્યુમ પહેરીને કિશોરો ફિનિશ લાઇન તરફ ધસી રહ્યા છે.

# થાઈલેન્ડના મ્યુઝિક બારમાં મધ્યરાત્રિએ ભીષણ આગ, 27નાં મોત

**છેલ્લા** 17 વર્ષમાં બેંગકોકનો આ સૌથી ભયાનક અગ્નિકાંડ 73 ઈજાગ્રસ્તો પૈકી 25ની હાલત ગંભીર

**શોર્ટ** સર્કિટ બાદ સ્ટેજ પાસે બ્લાસ્ટ થતાં આખુંભવન ધુમાડાથી ભરાયું

**લોક** મારેલા એક્ઝિટ ગેટ અને સાંકડા રસ્તાને કારણે બાથરૂમમાં છુપાયેલા લોકોના ગૂંગળામણથી મોત



બેંગકોક, તા. 13 (એપી): થાઈલેન્ડની રાજધાની બેંગકોકના એક મ્યુઝિક બારમાં મોડી રાત્રે ફાટી નીકળેલી ભીષણ આગમાં ઓછામાં ઓછા 27 લોકોના મોત નીપજ્યાં છે અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જેમાંથી 25ની હાલત ગંભીર છે.

છેલ્લા 17 વર્ષમાં બેંગકોકનો આ સૌથી ભયાનક અગ્નિકાંડ છે. ઉત્તરી બેંગકોકમાં આવેલા 'રોંગ બિયર ના લાડપ્રાઓ' બારમાં રવિવારે મધ્યરાત્રિ પહેલાં આગ લાગી હતી, જેને કાબૂમાં લેતાં અડધો કલાક લાગ્યો હતો. સોમવારે સવારે ફોરેન્સિક અધિકારીઓએ તપાસ શરૂ કરી ત્યારે બારની બારીઓ તૂટેલી હતી અને અંદર બળી ગયેલા ટીવી, સ્પીકર્સ અને ગિટાર જેવો કાટમાળ વેરવિખેર પડ્યો હતો.

થાઈ નેશનલ પોલીસ ચીફ કિત્થારથ પુનપેચે જણાવ્યું કે, મોટાભાગના મૃતદેહો પાછળના એક્ઝિટ ગેટ પાસે આવેલા બારી વિનાના બાથરૂમમાંથી મળી આવ્યા હતા, જ્યાં લોકો જીવ બચાવવા છુપાયા હોઈ શકે છે. બારના નિકાસ દ્વારો સાંકડા હતા અથવા તેના પર લોક મારેલું હતું, જેના કારણે લોકો બહાર નીકળી શક્યા ન હતા. વડા પ્રધાન અનુતિન ચાર્નવિરાકુલને એક સંગીતકારે જણાવ્યું કે, સ્ટેજ પાસેના સર્કિટ બ્રેકરમાંથી ધુમાડો નીકળ્યા બાદ બ્લેકઆઉટ થયો હતો, ત્યારબાદ બ્લાસ્ટ થયો અને આખું ભવન ધુમાડાથી ભરાઈ ગયું હતું. પોલીસ તપાસ કરી રહી છે કે ઈન્ટીરીયર ડિઝાઈન માટે કોઈ જ્વલનશીલ વસ્તુનો ઉપયોગ કરાયો હતો કે કેમ અને વાયરીંગ કેવી રીતે કરવામાં આવી હતી.

એરાવાન ઈમરજન્સી સેન્ટરના જણાવ્યા મુજબ, આ દુર્ઘટનામાં ઘાયલોની સંખ્યા 73 પર પહોંચી છે. મોટાભાગના મોત ધુમાડાના કારણે ગૂંગળામણથી થયા છે. ઘણા મુસાફરો પાસે આઈડી કાર્ડ ન હોવાથી ઓળખ વિધિ ચાલુ છે. સોમવારે બૌદ્ધ સાધુઓએ પણ ઘટનાસ્થળે મૃતકો માટે પ્રાર્થના કરી હતી.

બારમાં કામ કરતા લાઓસના બે પ્રવાસી મજૂર ભાઈઓમાંથી એકનું આ આગમાં મોત થયું હતું. થાઈલેન્ડમાં અગાઉ 2009માં ન્યૂ યર સેલિબ્રેશન દરમિયાન સેન્ટિકા નાઈટક્લબમાં લાગેલી આગમાં 67 લોકોનાં મોત થયાં હતાં અને 200થી વધુ લોકો ઘાયલ થયા હતા.

# ટ્રેનમાં ખાલી બર્થ બજારમાં શાકભાજીની જેમ વેચાય છે: કલકત્તા હાઈકોર્ટ

**કોર્ટે** રેલવેને ફટકાર લગાવતા દોષિત ટીટીઈ સામે કડક દંડ કરવા આદેશ આપ્યો

**લાંચ** લઈને બર્થ આપવાની બેદરકારીના કારણે મુસાફર લૂંટાયો અને તેનું મોત નીપજ્યું હતું

કોલકાતા, તા. 13 (પીટીઆઈ): કલકત્તા હાઈકોર્ટે ટ્રેનોમાં ખાલી બર્થની ગેરકાયદેસર ફાળવણી અંગે કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે અવલોકન કર્યું છે કે મુસાફરી દરમિયાન કેટલાક ટિકિટ ચેકર્સ એટલે કે TTE ટ્રેનમાં ખાલી રહેલી બર્થને બજારમાં શાકભાજી વેચાય એવી રીતે વેચે છે.

આવી જ એક બેદરકારીના કારણે નશીલા પદાર્થનો ભોગ બનેલા મુસાફરનું મોત થયું હોવાનું નોંધીને કોર્ટે દેશના તમામ રેલવે ઝોનના જનરલ મેનેજરોને દોષિત ટીટીઈ સામે કડક દંડાત્મક પગલાં લેવા આદેશ કર્યો છે જેઓ ખાલી સીટોને શાકભાજીની જેમ વેચી નાંખે છે.

આ કેસ ફેબ્રુઆરી 2009નો છે, જ્યાં ન્યૂ જલપાઈગુડીથી સીયાલદાહ જતી તીસ્તા તોરસા એક્સપ્રેસમાં બે મુસાફરો ચાલુ ટિકિટ સાથે ચડ્યા હતા. તેમણે TTEને પૈસા આપીને બર્થ મેળવી લીધી હતી. પ્રવાસ દરમિયાન બે ગુનેગારોએ લૂંટના ઈરાદે તેમને નશીલો પદાર્થ ખવડાવી દીધો હતો, જેમાં અન્ય બીમારીઓ ધરાવતા એક મુસાફરનું મોત નીપજ્યું હતું.

જસ્ટિસ રાજશેખર મંથા અને જસ્ટિસ બિસ્વરૂપ ચૌધરીની બેન્ચે કહ્યું કે આવા ગુનાઓની શરૂઆત TTEના હાથે જ થાય છે. વળી, કોર્ટે તપાસમાં રહેલી ક્ષતિઓ બદલ પોલીસની પણ ઝાટકણી કાઢી હતી.

ટ્રાયલ કોર્ટે આ કેસમાં બે આરોપીઓ આલોક ઘોષ અને ગોપાલ મિસ્ત્રીને આજીવન કેદની સજા ફટકારી હતી. જો કે, હાઈકોર્ટે ફોરેન્સિક લેબોરેટરીના રિપોર્ટના અભાવ સહિતની નબળી તપાસને ધ્યાનમાં રાખીને હત્યાના આરોપો સાબિત ન થતા હોવાનું જણાવ્યું હતું. કોર્ટે બંને અપીલકર્તાઓને આંશિક રાહત આપી IPCની કલમ 328 હેઠળ વધુમાં વધુ 7 વર્ષની સજા જ યોગ્ય ગણાવી હતી. આ બંને આરોપીઓ અનુક્રમે 10 અને 16 વર્ષ જેલમાં વિતાવી ચૂક્યા હોવાથી કોર્ટે તેમને જામીન બોન્ડ પર મુક્ત કરવા આદેશ આપ્યો છે.

# ઇરાનના IRGC, સંલગ્ન જૂથને યુકે રાષ્ટ્રીય સુરક્ષા ખતરો જાહેર કરશે

**યુકેમાં** યહુદીઓ પર હુમલા અને તેમને અપાતી ધમકીઓને ધ્યાનમાં લઇને પ્રતિબંધ મૂકાશે

**IRGC** સમર્થિત જૂથ 'ઇસ્લામિક મૂવમેન્ટ ઓફ કમ્પેનિયન્સ ઓફ ધ રાઇટ'(IMCR) સામે પણ આવું જ પગલું ભરાશે

લંડન, તા. ૧૩(PTI): બ્રિટનમાં યહૂદીઓ વિરુદ્ધ કથિત હુમલા અને જીવના જોખમની ધમકીઓને પગલે, યુકે સરકારે સોમવારે ઈરાનની શક્તિશાળી 'ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ'(IRGC) અને તેહરાન સાથે જોડાયેલા અન્ય એક જૂથ પર પ્રતિબંધ મૂકવાની યોજનાની જાહેરાત કરી છે.

હાઉસ ઓફ કોમન્સમાં આ અંગે માહિતી આપતા હોમ ઓફિસના સુરક્ષા રાજ્ય મંત્રી એન્જેલા ઈગલે જણાવ્યું હતું કે, આ પ્રતિબંધિત જૂથો સાથે જોડાવાને ગુનાહિત કૃત્ય ગણવામાં આવશે. તેમણે ઉમેર્યું કે IRGCની ભૂમિકા માત્ર એક પરંપરાગત સૈન્ય દળ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે ઈરાની રાજ્યના ઉદ્દેશ્યોને આગળ વધારવા માટે ગુપ્તચર પ્રવૃત્તિ, પ્રોક્સી પ્યાદાઓનો ઉપયોગ અને પોતાના પ્રભાવનો વિસ્તાર કરવા સુધી વિસ્તરેલી છે.



# ચાલતી ટ્રેનમાં પૂજા!

**રેલવેએ** વિવાદ થતાં ખુલાસો કર્યો: આ સામાન્ય કોચ નથી, પણ ૩ લાખથી વધુ ચૂકવીને બુક કરાયેલો સ્પેશિયલ પ્રાઇવેટ સેલૂન કોચ હતો; સામાન્ય મુસાફરોને કોઇ અગવડ નથી પડી

નવી દિલ્હી, તા. 13: ચલતી ટ્રેનની અંદર એક પૂજારી દ્વારા પૂજા અર્ચના કરવામાં આવતી હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ, નોર્ધન રેલવેએ આ અંગે સ્પષ્ટતા જારી કરી છે. એક્સ (X) પર વાયરલ થયેલા આ વીડિયોમાં એક પૂજારી ટ્રેનના કોચના ફ્લોર પર બેસીને અભિષેક અને પૂજા વિધિ કરતા જોવા મળે છે, જેમાં સફેદ વસ્ત્રો પહેરેલા કેટલાક શ્રદ્ધાળુઓ પણ ભાગ લઈ રહ્યા છે. ચલતી ટ્રેનમાં આવી ધાર્મિક વિધિ જોઈને ઈન્ટરનેટ પર ભારે ચર્ચા અને આશ્ચર્ય ફેલાયું હતું.

જો કે, વિવાદ વધતાં નોર્ધન રેલવેએ સ્પષ્ટ કર્યું છે કે આ પૂજા કોઈ સામાન્ય પેસેન્જર કોચમાં નહીં, પરંતુ ખાનગી રીતે બુક કરાયેલા વિશેષ સેલૂન કાર (કોચ)માં કરવામાં આવી હતી. રેલવેના જણાવ્યા અનુસાર, એક પાર્ટી દ્વારા 8 જુલાઈએ IRCTC મારફતે 3,08,580 રૂપિયાની એડવાન્સ ચુકવણી કરીને આ આખો સેલૂન કોચ કોમર્શિયલ ધોરણે બુક કરવામાં આવ્યો હતો. 10 જુલાઈએ નવી દિલ્હીથી મુંબઈ જતી ટ્રેન નંબર 12926 પશ્ચિમ એક્સપ્રેસ સાથે આ કોચ જોડવામાં આવ્યો હતો. રેલવેએ ઉમેર્યું કે આ ખાનગી બુકિંગ હોવાથી સામાન્ય મુસાફરોને કોઈ અગવડ પડી નથી કે રેલવે દ્વારા ટ્રેનની અને મુસાફરોની સુરક્ષામાં કોઈ બાંધછોડ કરાઈ ન હતી.



# રશિયન લશ્કરની એક મશીનગન ભયંકર રીતે બેકાબૂ થઇ ગઇ

**હેલિકોપ્ટર** માટે બનાવેલી આ મશીનગનનો ઉપયોગ જમીન પર કરવામાં આવતા ફાયરિંગ વખતે ગોળ ગોળ ફરવા માંડી

**બે** સૈનિકોનો આબાદ બચાવ થયો, અનિચ્છનીય ઘટના સર્જાઇ શકી હોત

નવી દિલ્હી, તા. ૧૩: સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા એક નાટ્યાત્મક વીડિયોમાં કથિત રીતે એક રશિયન સૈનિક હેલિકોપ્ટરમાંથી ફાયરિંગ કરવા માટે બનાવવામાં આવેલી, પરંતુ જમીન પર વાપરવા માટે મોડિફાય કરાયેલી હાઈ-પાવર રોટરી મશીનગન પરથી નિયંત્રણ ગુમાવતો જોવા મળે છે.

વાયરલ ફૂટેજમાં રશિયન સૈનિક ચાર બેરલવાળી YakB-12.7 ગનમાંથી ફાયરિંગ કરવાની તૈયારી કરતો જોવા મળે છે. આ ગનને તેના અસલી પ્લેટફોર્મ એટલે કે સોવિયત યુગના Mi-24 એટેક હેલિકોપ્ટરના નોઝ તુરેત ને બદલે જમીન પરના એક સ્ટેન્ડ પર બોલ્ટ વડે ફિટ કરવામાં આવી હતી. ટ્રિગર દબાવ્યાની ગણતરીની સેકન્ડોમાં જ આ હથિયાર સ્ટેન્ડ પરથી ઉખડી જાય છે અને ભયંકર રીતે ગોળ-ગોળ ફરવા લાગે છે, જેના કારણે સૈનિકો પોતાનો જીવ બચાવવા માટે આમ-તેમ ભાગે છે. ફાયરિંગની બિલકુલ સામે ઊભેલો એક સૈનિક છેલ્લી ઘડીએ પ્રતિક્રિયા આપતો અને અચાનક બેકાબૂ થઈને ફરતી ગનથી માંડ-માંડ બચતો જોવા મળે છે. આ ફૂટેજ ક્યાં અને ક્યારે શૂટ કરવામાં આવ્યું હતું અને તેમાં કોઈને ઈજા થઈ છે કે નહીં તે અંગે કોઈ સત્તાવાર અહેવાલ નથી. સોશિયલ મીડિયાના કેટલાક યુઝર્સે એવો દાવો કર્યો હતો કે આ ઘટના ડ્રોનનો સામનો કરવા માટે તૈનાત રશિયન મોબાઈલ ફાયર ગ્રુપના એક ટ્રેનિંગ સેશન દરમિયાન બની હતી.

# પાકિસ્તાને ત્રણ વર્ષમાં ૨૬ લાખથી વધુ અફઘાન નાગરિકોને દેશનિકાલ કર્યા

**યુએન** હ્યુમન રાઇટ્સ કમિશને પણ આ દેશનિકાલ અંગે ચિંતા વ્યક્ત કરી

લાહોર, તા. ૧૩ (પીટીઆઈ) પાકિસ્તાને છેલ્લાં ત્રણ વર્ષમાં મહિલાઓ અને બાળકો સહિત ૨૬ લાખથી વધુ અફઘાન નાગરિકોને દેશનિકાલ કર્યા છે. એમ એક અધિકારીએ સોમવારે જણાવ્યું હતું.

આ દેશનિકાલ એ દેશમાં ગેરકાયદે રહેતા અને માન્ય વિઝા વિના નિર્ધારિત સમય કરતાં વધુ સમય રોકાયેલા અફઘાન નાગરિકો સામેની મોટા પાયે ચાલી રહેલી કડક કાર્યવાહીનો એક ભાગ હતો.

પંજાબ સરકાર ગેરકાયદે અથવા બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સની ઓળખ કરવા માટે નિયમિતપણે સર્વેક્ષણો હાથ ધરે છે.

પંજાબના ગૃહ વિભાગના વિદેશી રાષ્ટ્રીય સુરક્ષાના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, માત્ર પ્રાંતીય સરકારે જ ૧,૩૮,૩૪૨ અફઘાનોને તેના હોલ્ડિંગ સેન્ટરોમાં અટકાયતમાં લીધા હતા, તેમના દસ્તાવેજો પૂર્ણ કર્યા હતા અને તેમને દેશનિકાલ કર્યા હતા.

પ્રવક્તાએ ઉમેર્યું હતું કે, પાકિસ્તાનમાં ગેરકાયદે રહેતા આશરે ૨૬ લાખ અફઘાન નાગરિકોને છેલ્લાં ત્રણ વર્ષમાં પાછા મોકલી દેવામાં આવ્યા છે.

આ દેશનિકાલ સામાન્ય રીતે ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં આવેલા તોરખામ ચેકપોસ્ટ દ્વારા કરવામાં આવે છે.

આ કડક કાર્યવાહીના કારણે અફઘાન સમુદાયમાં ચિંતા વ્યાપી ગઈ છે, કેટલાક રહેવાસીઓ દાવો કરે છે કે તેઓ પેઢીઓથી પાકિસ્તાનમાં રહી રહ્યા છે.

સ્થાનિક પશ્તુનોએ પણ પોલીસ દરોડા દરમિયાન અયોગ્ય હેરાનગતિ અને ઓળખની તપાસનો ભોગ બન્યા હોવાના અહેવાલ આપ્યા છે.

યુએન હ્યુમન રાઈટ્સ કમિશને પણ આ દેશનિકાલનું પ્રમાણ અને તેના સ્વરૂપ અંગે ચિંતા વ્યક્ત કરી છે.